Children's RESEARCH UNIVERSITY

समग्र शिक्षा Samagra Shiksha

## આટલું કરીએ (ધોરણ-૧/૨)

- નમસ્કાર વાલી મિત્રો. વેકેશન દરમ્યાન આપના સંતાન દ્વારા ઘરે બેઠા રોજ નવી નવી પ્રવૃત્તિ પ્રોજેક્ટ કરી શકાય તેની સંભવિત યાદી આપવામાં આવેલ છે. જેમાંથી આપ શક્ય હોય તેટલી પ્રવૃતિઓ અથવા તેનાં જેવી પ્રવૃતિઓ આપના બાળક પાસે કરાવી શકો છો.
- આપેલ QR કોડને સ્કેન કરી સમયાંતરે આ પ્રવૃતિઓ કરવાનું માર્ગદર્શન અને નવી વાર્તા, ગીત અને અન્ય પ્રવૃત્તિની માહિતી મેળવવાનું ચૂકશો નહિ. આપના સંતાનની પ્રવૃત્તિઓનાં ફોટોગ્રાફ્સ અને વિડીયો 7575962929 મોકલવા વિનંતી.

1. તમે જે જે ચીજવસ્તુઓનો ઘરમાં અથવા તો શાળામાં ઉપયોગ કરતા હોય તેના નામ લખો.
2. તમારા મમ્મી રસોડામાં જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરતા હોય તેના નામ લખો.
3. તમારા પપ્પા જે જે ચીજવસ્તુઓનો ઉપયોગ કરતા હોય તેના નામ લખો.
4. તમારા ઘરનું ચિત્ર દોરો.
5. તમારા ઘરમાં જો કોઈ એવી ચીજ વસ્તુઓ હોય જેમાં અંક આપેલા હોય તેના નામ લખો.
6. પાણીનો સંગ્રહ કરવા માટે તમારા ઘરમાં કયા-ક્યા સાધનો છે? તેમાં પાણી ભરીને ચકાસી જુઓ કે ક્યાં વાસણમાં વધુ પાણી ભરી શકાય છે. આ પ્રવૃત્તિ તમારાં કુટુંબીજનો અને મિત્રોની સાથે કરો.
7. દોરો, ગુંદર અને દીવાસળીના ઉપયોગથી મનપસંદ એક આકૃતિ બનાવો.
8. દીવાસળીનાં ખાલી ખોખામાંથી એક રમકડું બનાવી તમારાં કુટુંબીજનો અને મિત્રોને બતાવો.
9. તમે શાળામાં સાંભળેલી વાર્તાનાં આધારે તેના કોઈ એક પાત્રનું માટીમાંથી રમકડું બનાવો.
10. તમને આવડતી વાર્તામાંથી કોઈ એક પાત્રનું ચિત્ર કોરા કાગળ પર દોરી તેમાં રંગ પૂરો. આ ચિત્ર સાથે તમારા કુટુંબીજનો અને મિત્રોને વાર્તા કહો.
11. કાતર વડે કાગળ કાપી એક આકૃતિ બનાવો.
12. પૂંઠામાંથી ચોરસ આકાર બનાવો.
13. પૂંઠામાંથી ત્રિકોણ આકાર બનાવો.
14. પૂંઠામાંથી ગોળ આકાર બનાવો.
15. તમારા ઘરની આસપાસ ઉગતા ફૂલોની સુગંધ લો અને તમારાં કુટુંબીજનો અને મિત્રોને પૂછી તેના નામ જાણો.
16. માટીમાંથી તમને ગમતું કોઈએક પ્રાણી બનાવી તેના પર રંગ લગાવો.
17. તમને આવડતા અક્ષરોથી બનતા નામની યાદી લખો.
18. તમારા ઘરમાં રહેલા વિવિધ અનાજનાં નમૂનાઓ કાગળ પર ગુંદરથી લગાવો.
19. તમારા ઘરમાં રસોઈ માટે ક્યા-કયા વાસણોનો ઉપયોગ થાય છે તે ચકાસો.
20. પ્લાસ્ટિકની ખાલી બોટલમાંથી એક રમકડું બનાવો. આ માટે તમારાં કુટુંબીજનો અને મિત્રોની મદદ લો.
21. ગોળ આકારે પૂંઠું કાપી તેમાં ૧ થી ૧૨ અંકો અને ત્રણ કાંટા લગાવી ઘડિયાળ બનાવો.
22. ઘરમાં હોય તેવા શાકભાજીને કાપી તેની છાપમાંથી ચિત્ર બનાવો.
23. જેને ચાર પૈડાં હોય તેવા વાહનોના નામ લખો.
24. ગાય દૂધ આપે છે તે તમે જાણો છો. હવે તમારાં કુટુંબીજનો અને મિત્રોને પૂછી તે દૂધમાંથી કઈ કઈ સામગ્રી બને છે તેના નામ જાણો.
25. વપરાયેલા ટૂથબ્રશને રંગમાં પલાડી તેનાથી કાગળ ઉપર છાંટા પાડી ચિત્ર બનાવો.
26. જે છાલ ખાઈ શકાઈ તેવા ફળના નામ જાણો.
27. જેની છાલ ન ખાઈ શકાય તેવા ફળનાં નામ જાણો.
28. જેના બીજ ખાઈ શકાય તેવા ફળનાં નામ જાણો.
29. તમારા ઘરમાં વેકેશન દરમિયાન વિવિધ શાકભાજી આવતી હશે. તેને રોજ ચકાસો કે કયા શાકભાજી પાણીમાં તરે છે અને કયા શાકભાજી પાણીમાં ડૂબે છે. આ વાત શાળા ખૂલતાં તમારા વર્ગમાં કહો.
30. સૂકા પાંદડા પર રંગ કરી પૂંઠા પર ગુંદર વડે લગાવો.

(પાછળ જુઓ)

31. તમારા ઘરના રસોડામાં હોય તે મસાલા જાણો અને તેની યાદી તૈયાર કરો.
32. કાગળ પર અલગ અલગ સિક્કાની છાપ પેન્સિલ વડે પાડો અને નીચે તેનાં નામ લખો.
33. પેન્સિલ છોલતા સમયે જે છોડા નીકળે તેના વડે કાગળ પર આકૃતિ બનાવો.
34. તમને ભાવતી અને તમારા ઘરમાં બનતી કોઈ એક વાનગી કઈ રીતે બને છે તે જાણો.
35. જુદા જુદા આકારોની મદદથી એક મનગમતી આકૃતિ બનાવો.
36. તમારા મિત્રને ઉખાણા પૂછો.
37. તમારા મિત્રનાં ઘરે જઈ તેમના કુટુંબીજનો પાસેથી કોઈએક વાર્તા સાંભળો.
38. કાગળને ઘડી પાડી કોઈ એક રમકડું બનાવો.
39. તમને ગમતું એક ચિત્ર દોરી તેમાં રંગ પૂરો.
40. કાગળ પર હાથનો પંજો દોરી તેમાં પેન કે પેન્સિલ વડે મહેંદીની ડીઝાઇન દોરો.
41. તમારા ગામમાં રહેલા કોઈ એક વૃક્ષની આકૃતિ દોરી તેમાં રંગ પૂરી તેનું નામ લખો.
42. લાકડી, પેપર કે પ્લાસ્ટિક કપ, દોરી જેવી સામગ્રીથી ત્રાજવા બનાવી તેમાં સામાન કેવી રીતે જોખી શકાય તેનો અનુભવ કરો.
43. તમારા રસોડામાં રહેલી ચમચીની મદદથી એક ચિત્ર બનાવી તેમાં રંગ પૂરો.
44. હાથનો અંગૂઠો અને આંગળીઓને રંગમાં બોળી કોરા કાગળ પર ચિત્ર બનાવો.
45. માટીમાંથી તમને ગમતું કોઈએક પક્ષી બનાવી તેના પર રંગ કરો.
46. તમારા ઘરમાં રહેલા કાચના વાસણના નામ લખો. તે શું ઉપયોગમાં આવે છે તે જાણો.
47. જૂના ફાટેલા કપડાંના ટૂકડા, કાગળ, ઘાસ અને રબરનાં ટૂકડાને સુતળીથી બાંધી દડો બનાવો.
48. તમારા ઘરમાં રહેલા કેલેન્ડરમાં મે મહિનામાં કેટલા રવિવાર આવે છે તે ચકાસો.
49. જુના છાપામાંથી ચિત્રો કાપી કોરા કાગળ પર લગાવી ચિત્રપોથી બનાવો.
50. કાગળની હોડી બનાવી તેના પર તમારું નામ લખો.
51. વેકેશનમાં તમે જે ફળ ખાઓ તેના બીજ એકઠા કરો. કેટલા થયા તેની ગણતરી કરો.
52. કાપેલા ભીંડાને રંગમાં બોળી કાગળ પર ચિત્ર બનાવો.
53. તમારા ઘરમાં રહેલ રમકડાં ગણો અને તેનાં નામ લખો.
54. કોઈપણ સાધન વગર રમી શકાય તેવી રમત શીખો.
55. તમારા કુટુંબના વડાઓને પૂછો કે તેઓ નાના હતા ત્યારે બાળપણમાં શું શું કરતા હતા?
56. તમને આવડતા ગીત તમારા મિત્ર સામે ગાઓ.
57. પૂંઠામાંથી ડાયસ (સોગઠી) બનાવી તેના દ્વારા મિત્ર સાથે રમત રમો.
58. કૂકરીથી રમી શકાય તેવી કોઈ પણ મનગમતી રમત રમો.
59. વિવિધ રંગોનાં ઉપયોગથી કાગળ પર વાદળ અને મેઘધનુષ્ય દોરો.
60. જો તમને કોઈ અંગ્રેજી મૂળાક્ષર આવડતો હોય તો તેના ઉપયોગથી ચિત્ર બનાવો.
61. પૂંઠામાંથી વિમાન બનાવી તેના પર રંગ પૂરો.
62. સુકાયેલા ફૂલ ભેગા કરી સંગ્રહ કરો.
63. તમારા ઘરમાં વીજળીથી ચાલતાં સાધનોના નામની યાદી લખો.
64. તમારા ઘરમાં એવા ક્યા–કયા સાધનો છે જે વીજળી વગર ચાલતા હોય.
65. તમારા ઘરના રસોડામાં રહેલા રસોઈ માટે ઉપયોગમાં લેવાતા સાધનોનાં ચિત્રો અલગ કાગળ પર દોરો.
66. ઘરમાં રહેલ મગ, મઠ કે ચણાને રાત્રે પાણીમાં પલાળી બીજા દિવસે પાણી દૂર કરી ફણગાવી ખાઓ.
67. અલગ કાગળ પર તમને ગમતા ફળનું ચિત્ર દોરી તેમાં જુદા જુદા રંગનાં ટૂકડાઓને લગાવી કોલાજ કામ કરો.
68. ઠંડાપીણાના બિલ્લામાંથી એક રમકડું બનાવો.
69. ગામમાં જેમને મોતી કે પારાનું તોરણ બનાવતા આવડતું હોય તેના પાસેથી તોરણ બનાવતા શીખો.
70. તમને લખતાં આવડતા હોય તેવા શબ્દો આડાઅવળા લખી તમારા મિત્રને વાંચવા કહો.